
એક આના બાલસાહિત્યમાળા

પ્રેમ

(એક નાનું બાલ-નાટક)



મૂ. [illegible] [illegible]—[illegible]

૭

બ્હેન

લેખક

ચન્દ્રશંકર મ. ભટ્ટ



પ્રકાશક

ચરોતર એજ્યુકેશન સોસાયટી,

આણંદ.

સોલ એજન્ટ
ગૂજરાત સાહિત્ય મન્દિર,
રીચીરોડ, અમદાવાદ.

પહેલી આવૃત્તિ
પ્રત ૧૫૫૦
સંવત ૧૯૮૫

*

આણંદ ચરોતર પ્રિન્ટિંગ પ્રેસમાં મોતીભાઈ મથુરભાઈ
પટેલે પ્રકાશકને માટે છાપ્યું. તા. ૧૬:૧:'૨૯



બ્હેન

(એક નાનું બાલ નાટક)

પ્રવેશ પહેલો

સમય : સવારનો

પાત્રો

કમુ અને વિમુ

[એક સુન્દર ગુલાબના કુંડા પાસે કમુ ઉભી છે. પવનલ્હેરે આમતેમ નમતા છોડ તરફ હરખથી જોઇને હળવેથી એ બોલે છે.]

"'ફૂલ વીણુ સખે,
ફૂલ વીણુ સખે;
હજી તો ફૂટતું જ,
પ્રભાત સખે.'

વાહ રે! ગુલાબભાઇ, આજ તો કાંઇ ખીલ્યા છો!"

(ઘડીક અટકીને)

પેલી વિમુ કહેતી'તી એ સાચું પડે તો પડે: હરિફાઇમાં વખતે ઇનામ મળે તો મળે!"

(કમુ પ્રસન્ન ચિત્તે છોડ તરફ ફરીથી જોઇ રહે છે. ફરીથી એ ગણગણે છે:)

'ફૂલ વીણુ સખે,
ફૂલ વીણુ સખે;
હજી તો ફૂટતું જ
પ્રભાત સખે.'

હવે કાલે.... અરે! કોણુ છે? કોણુ દબાવે છે આંખો? બોલોની ઝટ."

(હળવે હળવે આવી વિમુએ એની આંખો દબાવી છે. કમુ ગુંચવાય છે ને વિમુ મનમાં હસે છે.)

"પણુ છે કોણુ?" (મનમાં) વિમુ તો ન હોય? પણુ એ તો આજ જવાની હતીને? ત્યારે રમણ. બીજું કોણુ? (મોટેથી) "અલ્યા રમણુ, છોડી દે હવે. મારી તો આંખો દુખવા આવશે."

(વિમુએ આંખો દબાવી જ રાખી છે.
કમુ અકળાય છે.)

"છોડને હવે. એ તો ઓળખાઇ ગયો–રમણ. બીજું કોઇ ન હોય!"

(વિમુ ખડખડ હસી પડે છે.)

વિમુ—કાં કહેતી'તીને કે 'હું તો ઝટ વરતી કાઢું'? તે મારા હાથેય ન વરતાયાને?

કમુ—(ધીરે ધીરે) પ...ણ વિમુ, તું તો આજ જવાની હતીને, પાવાગઢ? હું તો ભૂલી પડી હોં!

વિમુ—(ગમ્મતમાં) ત્યારે એમ છે!

(બન્ને સખીઓ કુંડા પાસેની એક
પાટલી ઉપર બેસે છે.)

કમુ—જો વિમુ, પેલી કળીઓ જોઇ કે? આજ રાતમાં ફૂટી હોં!

(વિમુ કળીઓ તરફ જુએ છે.)

વિમુ—અમે તો કહીએજ છીએને કે બ્હેન, તને ઇનામ મળશે. તારી મહેનત ભારે છે.

કમુ—(રાજી થતાં) અરે જા....જા.

વિમુ—ત્યારે લે નહિ મળે જા. પાછી....

(અન્દરથી કમુની બાનો ઘાંટો સંભ-
ળાય છે.)

"કમુડી, ઓ કમુડી."

(કમુ અન્દર દોડી જાય છે. વિમુ પોતાને ઘેર જાય છે.)



પ્રવેશ બીજો

પાત્રો

કમુ, એનો નાનો ભાઇ વિનુ ને બા

[નાનો ભાઇ વિનુ પથારીમાં પડયો છે. એને સખ્ત તાવ ચઢયો છે. કમુ ભાઇનું માથું દબાવે છે.]

કમુ—ભાઇ, એ તો મટી જશે હો! એમાં રડીએ નહિ, બાપુ!

(હાથમાં એક વાટકી લઇને બા આવે છે.)

બા—બેટા, આ મગનું ઓસામણ જરા લે. મોઢું સારૂં થશે.

વિનુ—અં....અં....

કમુ—બાપુ, જરાક તો લે. બા કહે છે ને! જોને એણેય કાલનું નથી ખાધું! તું જરાક ખાય તો પછી એનેય ખવરાવું. બાપુ, ભાઇ.

(વિનુ પડખું ફેરવી બેઠો થવા જાય છે. કમુ એને બેઠો કરે છે ને ટેકો આપી બેસાડે છે. વિનુ થોડુંક ઓસામણ પીવા જાય

છે; પણ પીવાતું નથી. બિચારો તાવે તડફડે
છે. કમુ એને સુવાડી દે છે.)

(બા રડે છે)

માડી, તું ય શું આવું કરે છે? એ તો કાલે મટી જશે. તાવ તો મને આવેછેને?

(પડોશનાં રતન ડોશી આવે છે.)

રતન ડોશી—(તાણીથી) અલી વિજી, ક્યમ છે છોકરાને?

બા—આવો રતન બા. આ આજે ય કશું ખાતો નથી! તાવે ય રડ્યો ઉતરતો નથી. જુઓ તો ખરાં, શેકાઇ જવાય છે!

(રતન ડોશી વિનુને ડીલે હાથ મૂકી
તરત પાછો ખેંચી લે છે.)



રતન ડોશી—હાય ! હાય ! અભિયો, આ છોકરાને તે શું મારી નાખવો છે ? આ તાવ તો હાડ ગાળી નાખે ! પેલા વૈદને તો બોલાવો. વિજી, તું ય નથી સમજતી, આવડી મોટી થઇને ?

બા— બા, મને તો ઘણું ય થાય છે કે વૈદને બોલાવું; પણ.......

(રડે છે.)

[કમુની આંખમાંથીય આંસુ પડે છે.
રોગી આંખે વિનુ બધાં સામે જુએ છે.]

રતન ડોશી—તે એમ રડયે કાંઈ વળશે ? ગમે તેમ કરીને વૈદને તો તેડી લાવો. છોકરો...ઉછયો પાછયો !

(વિજી વધારે રડે છે. કમુની આંખ-
માંથીય આંસુ પડે છે.)

રતન ડોશી—(જતાં જતાં) હયો, ત્યારે કંઇ વેતરણ કરજો. કહો તો મારા સુખલાને તેડવા મોકલું. વૈદ હશે ક રુપિયા લેશે. બાઇ, એ તો માથે પડે ત્યારે પેટે પાટા ય બાંધવા પડે. જુઓને, મારે સુખલા પાછળ કેટલું ખર્ચ કરવું પડયું'તું ? પન્દર ને પન્દર–ત્રીશ રુપિયા વૈદે લીધા-'તા ! એ તો ભગવાને સૌ સારાં વાનાં કર્યાં.

(રતન ડોશી જાય છે. કમુ ને એની

બા ઘડીક એમની તરફ જોઇ રહે છે. ને પછી વિનુ તરફ જુએ છે.)

બા—બાપુ!

કમુ—ભાઇ!

(પડદો પડે છે.)



પ્રવેશ ત્રીજો

સ્થળ: કમુનું ઘર

પાત્રો
કમુ અને વિમુ

સમય: સવારનો

[કુંડા પાસે કમુ ઉભી છે. ગઇ રાતના ઉજાગરાથી એની આંખે રાતી દેખાય છે. આછાં આંસુય જણાય છે. અન્દરથી બાનાં ડુસકાં સંભળાય છે.]

કમુ—હાં, એમ જ કહું. એક રૂપિયો તો મળશે જ. (ઘડીક અટકીને)ને એમાંથી મધ લવાશે. દાડમેય આવશે.

(કમુ કુંડાની છેક નજીક જાય છે. ઉગતા સૂર્યનાં કિરણે પ્રફુલ્લ થએલા ગુલાબ તરફ એ પ્રેમથી જુએ છે.)

કમુ—મીઠડા ગુલાબ!

(વિમુ આવે છે.)

વિમુ—(હસતી હસતી)

'ફૂલ વીણુ સખે,
ફૂલ વીણુ સખે;
હજી તો ફૂટતું જ
પ્રભાત સખે.'

કાં, મીઠડી કમુ! મીઠડા ગુલાબને શું સમજાવે છે? વાહ રે!

(વિમુ, કમુનો ઉદાસ ચહેરો જોઇને જરા ગંભીર બની જાય છે. અન્દરથી કમુની બાનાં ડુસકાં સાંભળી એ વધારે ગભરાય છે.)

વિમુ—(ગભરાતાં ગભરાતાં) અરે કમુ! આજ વિનુને કેમ છે? બોલ તો ખરી.

(કમુ સાંભળતી નથી. વિમુ એને ખભે હાથ મૂકી કહે છે.)

"કમુ! ઓ કમુ! આમ તો જો. ચાલ, વિનુ પાસે જઇએ."

કમુ—(ચમકીને) ઓ....વિમુ! ક્યારે આવી તું?

વિમુ—ચાલ, અન્દર ચાલ.



કમુ—બ્હેન, મારે જરા બહાર જવું છે. તું જઇ આવ.

વિમુ—પણ ક્યાં જવું છે? ચાલને હું ય સાથે આવું.

કમુ—ના રે, હું એકલી જઇશ. તું ભાઇ પાસે જા.

(વિમુ અન્દર જવા માંડે છે.)

કમુ—પણ હેં વિમુ, દયાગૌરી શેઠાણી પેલા બંગલા-માંજ રહે છે ને? પેલા ઉંચા?

વિમુ—(ચમકીને) હા, તારે એમનું શું કામ છે?

કમું—કંઇ નહિં. એ તો અમસ્તી.

(વિમુને કંઇ સમજણ પડતી નથી. છતાં કમુની બાનાં ડુસકાં સાંભળી એ અન્દર દોડી જાય છે.)

કમુ—(આંસુ લુંછીને) ચાલ, હવે જલ્દી જઇ આવું. પછી તડકો ચડશે.

(કમુ એક વાર ગુલાબને અડકે છે ને પછી કુંડું ઉપાડી આંગણા બહાર નીકળે છે.)





પ્રવેશ ચોથો

સ્થળ : દયાગૌરી શેઠાણીનો બંગલો

પાત્રો

કમુ અને દયાગૌરી શેઠાણી

[કુંડું ઊંચકી કમુ ઊભી છે. સુન્દર છોડ તરફ ને કમુ તરફ દયાગૌરી હરખથી જોઈ રહ્યાં છે.]

દયાગૌરી—લે બોલ. બ્હેન, તારે એનું શું લેવું છે?

(કમુથી કંઇ બોલાતું નથી.)

એમાં વિચાર શો કરે છે? કહી દેને. મને એ ગમ્યું છે હોં.

કમુ—(ધીરે ધીરે) બા, મને એની કીંમતની ખબર નથી. મારે તો એક રૂપિયો જોઇએ છે

દયા૦—ઓહો! એક જ રૂપિયો? ત્યારે મૂક હેઠે.

(ઘડીક રહીને)

પણ છોકરી તારૂં નામ?

કમુ—કમુ.

દયા૦—કમુ! તારે એક જ રૂપિયો કેમ જોઇએ છે? બે આપું તો?

કમુ—ના બા, મારે એક જ રૂપિયાનું કામ છે. એક-માંથી તો મ....

(અટકે છે.)

દયા૦—શું? શું? કહેને.

કમુ—કંઇ નહિ, પણ તમારે છોડ રાખવો હોય તો મને....

(દયાગૌરી શેઠાણી પોતાની રેશમી ચોળીના ગજવામાંથી બે રૂપિયા કાઢે છે.)

દયા૦—લે બ્હેન, આ એક....

(કુંડું હેઠે મૂકી કમુ હાથ લંબાવે છે.)

દયા૦—પણ ઉભી રહે. તું એકજ રૂપિયો કેમ માગે છે? કહે, નહિ તો મારા સમ!

કમુ—(ધીરે ધીરે) કંઇ નહિ. મારે તો મધ ને દાડમ લેવાં છે.

દયા૦—(હસીને) વાહ રે! મને તો થયું કે કેવી શાણી છોકરી! કોણ જાણે........ (વધારે હસે છે.) પણ હવે લાગે છે કે તું તો ખા........

(કમુની આંખમાં ઝળઝળીઆં ભરાય છે.)

કમુ—બા, મારો વિનુભાઇ માંદો છે. વૈદે કહ્યું છે કે 'દવા મધમાં ચટાડજો ને કંઇ ખાવા માગે તો દાડમ આપજો.' મારી બા પાસે મધ-દાડમના પૈસા ક્યાંથી હોય? હતું તે વૈદને....

(કમુ અટકી જાય છે.)

[દયાગૌરી એના તરફ હેતથી જોઇ રહ્યાં છે.]

પછી મને થયું કે ઇનામ ન મળે તો ભલે; પણ આજ કુંડું વેચી ભાઇને....

(કમુ ફરીથી અટકે છે.)

દયા૦—(કમુના માથા ઉપર હાથ ફેરવતાં) બ્હેન, ત્યારે આ છોડ તો તેં કાલના મેળાવડા માટે ઉછેરેલો નહિ?

કમુ— હા બા.

દયા૦—પણ આવો સુન્દર છોડ! ઇનામ તને જ મળત હોં! તેં ઉતાવળ શીદ કરી?

(કમુ કંઇ બોલતી નથી. એની આંખ-માંથી એક આંસુ ખરે છે. ફરીથી એ કુંડા તરફ જુએ છે.)

કમુ—(એકાએક) ત્યારે હવે હું જાઉં?

દયા૦—હા, લે બ્હેન.

(બે રૂપિયા આપે છે.)

[પડદો પડે છે.]



પ્રવેશ પાંચમો

સ્થળ

શાળાનું ચોગાન

પાત્રો

શિક્ષકો, વિદ્યાર્થીઓ અને ગામનાં પ્રતિષ્ઠિત સ્ત્રીપુરુષો

[ચોગાનમાં તાજા આસોપાલવના મંડપ નીચે એક તરફ શાળાનાં છોકરાં-છોકરીઓ બેઠાં છે. બીજી તરફ ગામનાં પ્રતિષ્ઠિત સ્ત્રીપુરુષો બેઠાં છે. શિક્ષકો આમતેમ ફરે છે.]

(પડદો ઉઘડે છે)

બાળાઓ:—

"ખમ્મા વીરાને જાઉં વારણે રે લોલ;
મોંઘામૂલો છે મારો વીર જો!
ખમ્મા! વીરાને જાઉં વારણે રે લોલ.

એક તો સુહાગી ગગન ચાંદલો રે લોલ;
બીજો સુહાગી મ્હારો વીર જો!
ખમ્મા! વીરાને જાઉં વારણે રે લોલ.

રાજ તો વિરાજે રાજમન્દિરે રે લોલ;
પારણે વિરાજે મારો વીર જો!
ખમ્મા! વીરાને જાઉં વારણે રે લોલ.

ચંપો ખીલે છે ફૂલવાડીમાં રે લોલ;

ફુળમાં ખીલે છે મ્હારો વીર જો!
　　ખમ્મા! વીરાને જાઉં વારણે રે લોલ.

આંગણે ઉજાસ મ્હારે સૂર્યનો રે લોલ;
ઘરમાં ઉજાસ મ્હારો વીર જો!
　　ખમ્મા! વીરાને જાઉં વારણે રે લોલ.

એક તો આનન્દ મ્હારા ઉરનો રે લોલ;
બીજો આનન્દ મ્હારો વીર જો!
　　ખમ્મા! વીરાને જાઉં વારણે રે લોલ.

હેવે દીધી છે મને માવડી રે લોલ;
માવડીએ દીધો મ્હારો વીર જો!
　　ખમ્મા! વીરાને જાઉં વારણે રે લોલ.

(ન્હા. દ. કવિ)

(બાળાઓ ગાઈ રહે છે એટલે વડા શિક્ષક પોતાની શાળાનો ગઈ સાલનો અહેવાલ વાંચી જાય છે.)

વડા શિક્ષક—ભાઈઓ અને બ્હેનો, હવે અમારી શાળાનાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓએ પોતાની જાતે ઉપાડેલી એક હરિફાઈની કસોટી થશે. બાળકોએ ફૂલછોડનાં કુંડાં તૈયાર કર્યાં છે. એમાંથી જેનું કામ સર્વોત્તમ ઠરશે તેને રૂપિયા પચીશનું ઇનામ મળશે.

(પડદો પડે છે.)

રમણ—હું કહું છું ઇનામ વિનયને મળશે.

હરિરાય—અરે ના રે! ઇનામ તો પેલા સખાને મળશે. જુઓને, એનો છોડ કેટલો સરસ છે!

રમેશ—લાગે છે તો એમ જ. ભાઇ, એનો બાપ જ માળીને! એનો છોડ કેમ ન સુધરે?

વિજી—પણ હું કહું છું છોડ મારો સારો છે.

રમણ—અરે જા....જા. બહુ મોટી બારમાસી છે તે!

વિજી—(જરા ખીજાઇને) જોજેને ત્યારે.

વિમળા—આ હરિરાએ ય મહેનત ઓછી નથી કરી હોં. ખાતર પૂર્યું છે ને પાણી પાયું છે ને કંઇ કંઇ કર્યું છે!

હરિરાય—પણ તો ય ભાઇ, આપણો છોડ તો છે....

(બધાં હસે છે.)

[વડા શિક્ષક પડદા બહાર આવે છે.]

વડા શિક્ષક—ભાઇઓ અને બ્હેનો, દશ કુંડાં હરિફાઇમાં ઉતારી શકાય એવાં હતાં. એની કસોટી થઇ ગઇ છે. બાગબગીચાનાં શોખીન દયાગૌરી શેઠાણી હમણાં એનું પરિણામ આપને જણાવશે.

(સૌ ઇંતેજારીથી પડદા તરફ જુએ છે.)

[પડદો ખસે છે ને એક નાના ટેબલ ઉપર મૂકેલા કુંડામાંનો ગુલાબનો રોપ હવામાં આમતેમ નાચે છે. સૌ એના તરફ જોઇ રહે છે.]

વિજી—કોનું કુંડું આ? રમણ! તારું કે?

(રમણ ડોકું ધુણાવે છે.)

[પાછળના પડદામાંથી દયાગૌરી શેઠાણી કુંડા પાસે આવે છે ને બોલે છે.]

દયા૦—બ્હેનો ને ભાઈઓ, અમે જોયેલાં દશે ય કુંડાં સારાં છે; પણ આ કુંડુ તો અદ્‌ભુત છે. શાળાની એક છોડીએ એ તૈયાર કર્યું છે. એનું નામ કમુ છે.

(મોટાં અને છોકરાંઓ તરફથી તાળીઓનો ગડગડાટ સંભળાય છે.)

પણ કુંડાં કરતાંય અદ્‌ભુત વાત તો કમુની ઉદારતાની છે. એ હું કહેવા આવી છું.

(સ્હેજ અટકીને)

માંદા ભાઇ માટે મધ લેવાના પૈસા એની બા પાસે નહોતા, તેથી કમુએ પોતાનું આ સુન્દર કુંડું મને વેચ્યું ને પછી ભાઇ માટે મધ લીધું! કુંડા ઉપર કમુનો જ હક્ક ગણી મેં એને અહીં આણ્યું, ને એ જ સર્વોત્તમ ઠર્યું!

(ફરીથી તાળીઓનો ગડગડાટ સંભળાય છે.)

વડા શિક્ષક—કમુ બ્હેન! ઇનામ લઇ જાય.

(એક તરફથી ધીમે પગલે હસમુખી કમુ આવે છે. ને દયાગૌરીને કંઇક કહે છે.)

દયા૦—(કમુને) તું જ કહેને. ચાલ, આમ જો.

(કમુ શરમાય છે. કંઇ બોલતી નથી.

વડા શિક્ષક—ચાલ કમુ, પછી મોડું થશે.

દયા૦—(પાસે આવીને) એમાં શરમાઈએ નહિ, બ્હેન.

કમુ—(ધીરે ધીરે ગભરાએલા અવાજે બોલે છે.) મારૂં ઇનામ હું આપણી શાળાના ગરીબ વિદ્યાર્થીઓની ચોપડીઓ લાવવા માટે આપી દઉં છું.

(શિક્ષક ફરીથી મોટે અવાજે કમુના શબ્દો બોલી જાય છે. મંડપ આખો તાળીઓના અવાજથી ગાજી ઉઠે છે.)

× × ×

(સૌ છોકરાં મંડપ બહાર નીકળે છે.)

વિમુ—(હસતાં હસતાં) કાં કહેતી'તીને કે 'કુંકુ ભાગી ગયું?' જુઠડી! પકડાઇ ગઇને?

કમુ—(હસતાં હસતાં) અરે જા........જા.

[પડદો પડે છે.]



[illegible] સાહિત્ય [illegible]

[illegible]	કાચું	૦-૬-૦
	પાકું	૦-૮-૦
કુમાર વીરસેન (બીજી આવૃત્તિ)		૦-૬-૦
ચાર બાલકથાઓ		૦-૪-૦
આદર્શજીવની વાતો ભાગ ૧	કાચું	૦-૬-૦
	પાકું	૦-૧૦-૦
[illegible] ભાગ ૧ લો		૦-૩-૦
સિંહનાદ [illegible]	કાચું	૦-૪-૦
	પાકું	૦-૧૦-૦
આદર્શજીવની વાતો ભાગ ૨	કાચું	૦-૯-૦
	પાકું	૦-૧૪-૦
[illegible]		૦-૩-૦

[illegible] સાહિત્યમાળા

૧. [illegible] (બીજી આવૃત્તિ)
૨. કમળા અને પુરંદર
૩. વીરકથાઓ ભાગ ૧ લો
૪. [illegible]
૫. રૂપાની ચકલી (બીજી આવૃત્તિ)
૬. [illegible] (બીજી આવૃત્તિ)
૭. [illegible] (ઈનામ વાળું નાટક)

મળવાનાં ઠેકાણાં: (૧) વ્યવસ્થાપક: '[illegible]' [illegible] (૨) [illegible] (૩) ગૂર્જર [illegible], અમદાવાદ